# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—ચૈત્ર–વૈશાખ—

પુસ્તક ૭૮ મું
અંક ૬–૭
૫ મી એપ્રીલ

વીર સં. ૨૪૮૮
વિ. સં. ૨૦૧૮
ઇ. સ. ૧૯૬૨

दुज्जए कामभोगे य,
निच्चसो परिवज्जए ।
संकाथाणाणि सव्वाणि,
वज्जेज्जा पणिहाणवं ॥१७॥

कामाणुगिद्धिप्पभवं खु दुक्खं,
सव्वस्स लोगस्स सदेवगस्स ।
जं काइयं माणसियं च किंचि,
तस्सऽन्तगं गच्छइ वीयरागो ॥१८॥

વાસનાઓ અને ભોગો ઝટપટ જીતી શકાય એવાં નથી; માટે તેમનો સદા ત્યાગ કરે. ધ્યાન સમાધિને સાધનારા ભિક્ષુએ પોતાની સાધનામાં વિઘ્ન કરનારાં જે જે ભયસ્થાનો હોય તે તમામનો ત્યાગ કરવો.

સ્વર્ગમાં ય જે કાંઈ શારીરિક અને માનસિક દુઃખ છે તથા આ નજરે દેખાતા આખા ય સંસારમાં જે કાંઈ શારીરિક અને માનસિક દુઃખ છે, તે બધુ ય કામભોગોની લાલચમાંથી જ પેદા થયેલ છે; માટે રાગદ્વેષથી પર થયેલો એવો વીતરાગ જ તે દુઃખોનો અંત પામી શકે છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૮ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | સિદ્ધચક્રજી સ્તવન .... .... | ( મુનિ નિત્યાનંદવિજય ) | ૬૫ |
| ૨ | સ્વાર્થમય દુનિયા .... .... | ( ,, ) | ૬૬ |
| ૩ | શ્રી વર્દ્ધમાન–મહાવીર : ૪૦ .... .... | ( સ્વ. મૌક્તિક ) | ૬૭ |
| ૪ | ભીખારી બોધ આપે છે ! .... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૭૨ |
| ૫ | "ચત્તારિ અટ્ઠદસ" ગાથાની ચૌદ પરિપાટીઓ | ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ. ) | ૭૪ |
| ૬ | મહાવીર પ્રભુનું હાલરડું .... .... | ( ગુલાબચંદ લલ્લુભાઈ–શિહોર ) | ૭૮ |


### : આવતો અંક :

હવે પછીનો જેઠ માસનો અંક તંદુરસ્તીથી મુને બહાર પડશે.

### ભેટ

મ. ઝવેરી જગજીવનદાસ મગનલાલના ધર્મપત્ની સ્વ. બાઈ સમરતબેન આયુષ્ય૮૯ વાર્ષીકી શ્રી જૈન ધર્મ પ્રસારક સભાને ૧ પીત્તળનું પવાલું તથા સીશુ ભેટ મળેલ છે જે માટે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

### સમાલોચના

શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ–મુંબઈ સંચાલિત શ્રી સમેતશિખરજી પાવાપુરી યાત્રા સ્પેશીયલ ટ્રેઈન ( ૨૦૧૬–૨૦૧૭ ) યાત્રા પ્રવાસ અંક ( જૈન તીર્થદર્શન ) સં. સાહિત્યવારિધિ પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ પ્રકાશક, અને પ્રાપ્તિસ્થાન ઘોઘારી જૈન મિત્રમંડળ–મુંબઈ વતી શ્રી હીરાલાલ ઝુમકલાલ શાહ, ૭૭ મારવાડી બજાર, ત્રીજે માળે–મુંબઈ ૨.

પૃષ્ઠ સંખ્યા ૨૧૨, કિંમત રૂ. ૨) પોસ્ટેજ અલગ.

### ધાર્મિક અભ્યાસ વર્ગ

શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં ફા. વદી ૧૧ ને રવીવારથી ધાર્મિક અભ્યાસ વર્ગ ચાલુ કરવામાં આવેલ છે તેમાં બાળકોની હાજરી ઠીક પ્રમાણમાં હતી. દર રવીવારે ચાલુ રહેશે. [illegible] ટાઈમ બપોરના સાડાબાર વાગે.

—[illegible] અમૃતલાલ [illegible]

For Private And Personal Use Only




પુસ્તક ૭૮ મું
અંક ૬-૭

ચૈત્ર-વૈશાખ

વીર સં. ૨૪૮૮
વિક્રમ સં. ૨૦૧૮

## સિદ્ધચક્રજી સ્તવન

હે પ્રભો ! ક્યારી અમીની, આંખ ભીની રાખજે;
મુજ હૃદયે ધ્યાન ધરતો, નિત્ય સિદ્ધ ચક્રતણું,
ધ્યાન ધરતાં ભવ ચક્કરના, ભ્રમણને નિવારજે. હે૦ ૧

નામ સ્મરતાં દુઃખ નાશે, નિત્ય ભવ ભ્રમણતણું;
ભવ ભ્રમણનો નાશ કરવા, આપ શક્તિ આપજે. હે૦ ૨

અરિહંતનું નિત્ય ધ્યાન ધરતાં, રાગ દ્વેષ દૂર જાય છે;
રાગ દ્વેષ દૂર થાતાં, સિદ્ધ પદવી આપજે. હે૦ ૩

સૂરી વાચક ગુરુ મુનિવર, સેવતા જિનરાજને;
સુદેવ ગુરુ જપતાં મુજને, તુજ હૃદયમાં સ્થાપજે હે૦ ૪

દર્શન જ્ઞાન ચારિત્ર તપ જે, ધર્મતણા પ્રકાર છે;
એ નવપદતણા ધ્યાનથી મુજ, સન્મુખ દૃષ્ટિ રાખજે. હે૦ ૫

મનોહર સિદ્ધચક્ર ધ્યાવું, ભાવથી દિન રાતડી;
ભવસાગરમાં ડુબતો હું, મનમોહનને તારજે. હે૦ ૬

વિમલ યક્ષ ચક્રેશ્વરી, સિદ્ધચક્ર તણા ગુણ ગાય છે;
ભક્તો સદા જે, ગુણ ગાતા, કષ્ટો તેહના કાપજે. હે૦ ૭

—મનમોહનવિજય

અધ્યાત્મપદ

# સ્વાર્થમય દુનિયા

( આશાવરી )

અબધુ દેખ લીયા સબ જગમેં, માતપિતા દારા બંધુ ભગિની
સ્વાર્થી સહુ તન ધનમેં.
તન ધન જો નવી આશ પુરે તો, છોડ જાવે એક છિનમે. અબધુ૦ ૧
સાચાં ખોટાં કુડકપટથી, ધનકણ સંગ્રહી ઘરમેં;
કુટુંબ કબીલા પાલી પોષી, પાપ ભર્યું ભીતરમેં. અબધુ૦ ૨
કાયા કુડી પાલી પોષી, મસ્ત થયો હું તનમેં;
મુશક સમ કણ ભક્ષણ કરતાં, કાળ ચિંતા થઈ મનમેં. અબધુ૦ ૩
મુશક જો કાયા ગાળે તો, બહાર આવે એક ક્ષણમેં;
તેમ તપસ્વી કર્મ ખપાવી, તુર્ત જાવે શિવ રાણમે. અબધુ૦ ૪
સુંદર તરુવર ફલભર હોવે, પક્ષી રહેવે જેમ ઘરમે;
વૃક્ષ જો ક્ષીણ ફલ થાવે તો, સ્થાન છોડે એક પલમે અબધુ૦ ૫
સારસ શોભે સુંદર તીર પર, જલ હોવે જો સરમેઃ
સરોવર જો જલ વિણ હોવે તો, સારસ રહેવે નહિ ઘરમે. અબધુ૦ ૬
સુવાસિત જો કુસુમ હોવે તો, ભ્રમર આવે છે ફૂલમે;
ચુસી રસ ભ્રમર તો જાવે, આવે નહિ ફરી ગુલમે અબધુ૦ ૭
વૃક્ષ મદ જંગલ શોભે જો, વનચર રહેવે વનમે;
જલતું દેખી તેજ જંગલને સ્વાર્થી છોડે એક ક્ષણમે. અબધુ૦ ૮
ધનપતિ કામીને સેવંતી, હસતી વેશ્યા મનમેઃ
તેજ પુરુષ જર જોબન ગુમાવી, સુકાતો નિજ તનમે. અબધુ૦ ૯
સત્તા મદ નર ભૂપતિ કેરા, સેવક મુગ્ધ ધનમેઃ
ગાદી ભ્રષ્ટ તેજ નરપતિ, ભટકે જંગલ વનમે; અબધુ૦ ૧૦
સાધુ સંસારી દેખ્યા જગ્રા, મુગ્ધ બન્યા સહુ જરમે.;
સ્વાર્થે સહીન સાધુ સંસારી, સ્વાર્થ સરે તો ઘરમે. અબધુ૦ ૧૧
સારી દુનિયા સ્વાર્થી દિસે, સંતકો વિરલા જગમેં;
મનોહર અધ્યાતમ મસ્તીમાં મનમોહન સુખ બચપનમે. અબધુ૦ ૧૨

—મનમોહનવિજય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૪૦

( ૨૩ )

## મૂકાનગરીએ પ્રિયમિત્ર ચક્રવર્તી.

આ એકવીશમા અને બાવીશમા ભવની વચ્ચેના સમયમાં નયસારના જીવે ઘણા મનુષ્ય અને તિર્યંચ-ગતિના ભવો કર્યા છે એની નોંધ કે ગણના કરવામાં આવી નથી. એ ભવોમાં ખાસ નોંધવા લાયક પ્રસંગો બન્યા નહિ હોવાને કારણે એને સમુચ્ચય સંસાર–ભ્રમણની કક્ષામાં મૂકી દેવામાં આવ્યા છે. પણ એનો કાળ ઘણો મોટો હોવાને કારણે એની સંખ્યા ઘણી મોટી હોવી સંભવે છે. એક વાત આ વિકાસના ઇતિહાસમાં જણાઈ આવે છે અને તે એ છે કે જો કે શ્રી નયસારના જીવને ગબડપાટો ઘણો લાંબો થયો છે. છતાં એ જીવનું લક્ષ્યલક્ષ્યપણું ધીમે ધીમે વિ-કાસ પામતું ગયું છે. એને મોટો આંચકો ત્રિપૃષ્ઠના ભવમાં આવ્યો અને સિંહ તરીકે એણે વિકાસને ડોળી નાખ્યો અને એ વખત નારક થવું પડ્યું, પણ ત્યાર પછી એણે વિકાસને ખૂબ સુધારવાના પ્રયત્નો આદરી દીધા અને જો કે હજુ પુદ્ગલનો સંબંધ દૂર થયો ન હતો. છતાં એના વિચારવાતા-વરણમાં સાચા રસ્તાની પિછાણ આવી ગઈ હતી. રસ્તો સાંપડ્યા પછી પણ એ માર્ગે પ્રયાણ કરતા અનેક આકર્ષણો અને લાલચો આવે છે અને તેમ છતાં પ્રાણી લક્ષ્યવેધી હોય તો તેમાં ખોરવાઈ ન જતાં આગળ વધી શકે છે તેનો હવે જરા શાંતિથી અભ્યાસ કરીએ.

જૈન ભૂગોળ પ્રમાણે મેરૂની આસપાસ જંબુદ્વી-પમાં મહાવિદેહક્ષેત્ર આવે છે. ત્યાં સદાકાળ ભરતના અવસર્પિણી કાળના ચોથા આરાના ભાવ વર્તે છે. તેવા અપરવિદેહના મૂકા નામના નગરમાં **ધનંજય** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **ધારિણી** નામની રાણી હતી. એક રાત્રિએ આ ધારિણી રાણીએ ચૌદ સ્વપ્ન જોયાં. આ સ્વપ્નનો અર્થ કેવો હોય છે, તેનો મહિમા છે કેવો બનાવવામાં આવ્યો અને તેની વિગત કેવી હોય છે તેનું જરૂરી વર્ણન ત્રિપૃષ્ઠના અઢારમાં ભવના નિરૂપણમાં કરવામાં આવ્યું છે. વાસુદેવની માતા સાત સ્વપ્ન જુએ છે ત્યારે તીર્થંકર અને ચક્રવર્તીની માતા ચૌદ સ્વપ્ન જુએ છે. એ ચૌદ સ્વપ્નના નામ આ પ્રમાણે છે. ગજ(હાથી), વૃષભ(બળદ), સિંહ, મહાલક્ષ્મી, માળા–યુગલ, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કળશ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન, રત્નરાશિ અને નિર્ધુમ અગ્નિ(પાવક જ્યોત). આ ચૌદે સ્વપ્ન અનુક્રમના સહજ ફેરફાર સાથે તીર્થંકર અને ચક્રવર્તીની માતા જ્યારે તે જીવો માતાના ઉદરમાં આવે છે ત્યારે જુએ છે. એમાં ફેર માત્ર એટલો છે કે તીર્થંકરની માતા એ ચૌદે સ્વપ્ના-ઓને ખૂબ વધારે તેજસ્વી દેખે છે અને ચક્રવર્તીની માતા પ્રમાણમાં જરા ઓછા નિર્મળ સ્વપ્નો જુએ છે. એ સ્વપ્નનો મહિમા અનેક ગ્રંથોમાં ખૂબ વિસ્તારથી બતાવ્યો છે અને એનો અર્થ સમજાવ્યો છે. સ્વપ્નનો આખો વિષય ખૂબ વિચારણા માગે છે. એને માનસ વિકાસ સાથે શો સંબંધ છે. એ માત્ર આકસ્મિક છે કે એની અંદર આશયો અને સૂચનો છે અને એ સત્ય આગાહીથી ભરેલ છે એવા એને લગતા વિષયો પર ઘણી વિચારણા અને ચર્ચા થઈ શકે તેવું છે અને કરવા યોગ્ય છે. એ પ્રસિદ્ધ વિષયની ચર્ચા શ્રી મહાવીરના ભવમાં વિસ્તારથી કરવાનું રાખીએ. એના પર પુષ્કળ સાહિત્ય સાંપડે તેવું છે અને ઉપલબ્ધ સાહિત્ય અને ધર્મગ્રંથોમાં સ્વપ્નોએ મેળવેલ સ્થાન અને નવયુગના માનસ વિદ્યા ( Psychology ) ના સાહિત્યમાં એના પર થયેલી વિચારણા આપણે યથાસ્થાને વિચારશું.

**પ્રિયમિત્રનો જન્મ.** દેવી ધારિણીએ મૂકા નગરમાં સૂતાં સૂતાં ચૌદે સ્વપ્નો જોયાં. એણે એ ચૌદે સ્વપ્નને યાદ કરીને પોતાના પતિ રાજા ધનં-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયને સંભળાવ્યાં. ધનંજયે એ સ્વપ્નનું સારું ફળ પ્રાપ્ત થશે એમ જણાવ્યું અને બાકીની રાત્રી સુંદર વિચારણા અને સ્તવન કીર્તન ગાવામાં પસાર કરી. સ્વપ્ન સારાં આવે તો ત્યારપછી ઊંઘવું નહિ, ઊંઘવાથી સ્વપ્નનો લાભ ચાલ્યો જાય છે. એ પ્રમાણે વર્તી બીજે દિવસે સવારે રાજસભામાં સ્વપ્ન પાઠકોને બોલાવવામાં આવ્યા. સ્વપ્ન પાઠકોનો અભ્યાસ સ્વપ્નને અંગે નિષ્ણાત તરીકનો હોય છે. તેઓ સ્વપ્નની વિગત જાણી તેનો ફલાદેશ કહે છે. તે સંબંધી તેમની પાસે વિસ્તૃત સાહિત્ય હોય છે. તેમને આજીવન ખાસ અભ્યાસ સ્વપ્નના વિષયોનોજ હોય છે સ્વપ્ન જેને આવે તેના સંયોગો વગેરે અનેક બાબતો ધ્યાનમાં રાખી તેઓ સ્વપ્નનાં ફળનું ભવિષ્ય ભાખે છે. સ્વપ્નપાઠકોએ મહારાજા ધનંજયને દેવી ધારિણી સાંભળે તેમ જણાવ્યું કે સ્વપ્નની આગાહી પ્રમાણે તેમને પુત્રની પ્રાપ્તિ થશે અને તે પુત્ર આખા વિજયનો ચક્રવર્તી થશે. આવી આગાહી સાંભળી મહારાજા અને રાણીને ખૂબ આનંદ થયો. સ્વપ્નપાઠકોને યોગ્ય ઇનામ દક્ષિણા આપી વિદાય કર્યા. દેવી ધારિણીએ ગર્ભનું સારી રીતે પાલન કર્યું. એણે સંભાળપૂર્વક ખૂબ ખારાં ખારાં તીખાં પદાર્થોનો ત્યાગ કર્યો, આવેશમાં આવી જવાય તેવા પ્રસંગો દૂર કર્યા અને વિનોદ તથા આનંદમાં સમય વ્યતીત કર્યો. રાજા ધનંજયે તેની આસપાસ દાસીઓનો એવો સારો વર્ગ ગોઠવ્યો હતો કે એના પરિચયમાં દેવીના ઉલ્લાસમાં વૃદ્ધિજ થયા કરે, કોઈ જાતની ખટપટ ન થાય અને મનમાં આનંદ કલ્લોલ થયા કરે. યોગ્ય કાળે પુત્રનો જન્મ થયો. માતપિતાને ખૂબ આનંદ થયો. પુત્રનું નામ **પ્રિયમિત્ર** પાડવામાં આવ્યું. સારી ધાત્રીઓથી ઉછેરાતો કુમાર મોટો થતો ગયો, એમ એને સારા સંસ્કાર પાડવાના પ્રયત્નો ધનંજય રાજાએ કર્યા. એને સારાં કળા અને કૌશલ્ય પ્રાપ્ત કરાવવા માટે રાજાએ સુંદર પ્રબંધ કર્યા, કળાચાર્યો અને શિક્ષકો દ્વારા એને કળાનું અને શિક્ષણનું જ્ઞાન આપવા ગોઠવણો કરવામાં આવી અને એના સુદૃઢ શરીરને કસરતથી અને તાલીમ દ્વારા વધારે મજબૂત બનાવવામાં આવ્યું.

**પ્રિયમિત્રનું ચક્રવર્તીત્વ:** પ્રિયમિત્રને સારું શિક્ષણ મળવા સાથે એનું શરીર પણ ખૂબ મજબૂત બન્યું એટલે માનસિક અને શારીરિક બાબતોમાં એ ખૂબ ચઢિયાતો બન્યો. મહામલ્લની સાથે યુદ્ધ કે કુસ્તી કરતાં એ વગર શંકાએ વિજય મેળવે એવા સુદૃઢ શરીર સાથે અનેક પ્રકારની રાજનીતિમાં કુશળતા પ્રાપ્ત કરવી એ જરા મુશ્કેલ બાબત છે. ઘણું ખરું એમ જોવામાં આવે છે કે જ્યાં શરીર મજબૂત હોય ત્યાં બુદ્ધિની મંદતા દેખાય છે અને મોટા તાર્કિક કે અર્થ શાસ્ત્રના નિષ્ણાતો શરીરે તદ્દન નબળા પોચા કે માયકાંગલા જેવા દેખાય છે. પ્રિયમિત્ર આ બાબતમાં અપવાદ હતો. એનામાં દૃઢ મજબૂત શરીર સાથે બુદ્ધિ વિકાસ ઠીક કામ કરી ગયો હતો. અનેક પ્રકારની વ્યૂહ રચનાઓ કરવી, યોગ્ય અમલદારોની નીમણુંકો કરવી, દિવાની અને લશ્કરી ખાતાંઓ વચ્ચેની મર્યાદાઓ પૃથક્કરણપૂર્વક જાળવી રાખવી, ખેડૂતો પર બોજો ન પડે તે રીતે જમાબંદી વસુલ કરવી, લોકોને શિક્ષણ આરોગ્ય અને આનંદ મહોત્સવનાં સાધનો યોગ્ય આપવાં અને પ્રજાના હિતમાં રાજ્ય હિતનો સમાવેશ કરવો એવી એવી અનેક બાબતમાં પ્રિયમિત્ર પ્રજાવત્સલ અને મૌલિક ખ્યાલો ધરાવતો થઈ ગયો, એણે રાજ્યમર્યાદા અને પ્રજાહિતનાં કાર્યોમાં વિરોધ ન હોઈ શકે, પણ સત્તાવાહકતા સાથે પ્રજાપ્રેમ મેળવી શકાય અને જનહિતની પ્રગતિમાં જ ખરું રાજહિત સમાયલું છે તેવી વિચારધારાને પોષણ મળે તેવું શિક્ષણ લીધું હતું. આવી સારી તૈયારી થયા પછી અને શારીરિક તેમજ માનસિક વિકાસ એની સુયોગ્ય હદ સુધી પહોંચ્યા પછી જ્યારે ધનંજય રાજાએ જોયું કે હવે પોતાનો પુત્ર પ્રિયમિત્ર રાજ્યનો ભાર વહન કરવા તૈયાર થયો છે એટલે એણે પોતાનું જીવન સુધારવા અને તેનો પૂરતો લાભ લેવા વિચાર કર્યો. એમના કુળમાં એક જાતની પરંપરા ચાલી આવતી હતી કે પુત્ર ઉમ્મરલાયક અને રાજ્યધુરાવહન કરવાને યોગ્ય થાય એટલે પિતાએ વાનપ્રસ્થ થઈ સંસાર ત્યાગ કરવો અને પુત્રને ગાદીએ બેસાડવો.

For Private And Personal Use Only

આ રિવાજ અથવા પ્રથા ફરજિયાત ન હોવાને કારણે સરસ હતી. આખી ઉમર સુધી ચસકઓરો કરવો, ઘડપણમાં પણ રાજ્યની અનેક ખટપટો સાંભળવી, પોતાના આખા લશ્કરને લડાઇના ધોરણ પર તૈયાર રાખવું અને બીજા રાજાની મંત્રીઓની અંતઃપુરની અને નોકરવર્ગની ખટપટ સાંભળવી, ચૂકવવી અને અનેક સ્થાપનાઓ અને ઉત્થાપનાઓ આખા જીવન સુધી કર્યા કરવાની આ રાજ્યમાં રીતિ નહોતી પુત્ર યોગ્ય વયનો થાય અને તેની લાયકાત અને આવડત રાજ્ય ચલાવવા યોગ્ય દેખાય એટલે પિતા સંસારનો એવો ત્યાગ કરે કે જાણે એ પૂર્વે રાજા હતા એવો ખ્યાલ પણ ન આવે. આપણે અગાઉ અચલ (બળદેવ-ત્રિપૃષ્ઠના મોટાભાઇ)નો જે આદર્શ ત્યાગ વિચારી ગયા તેવો આદર્શ ત્યાગ આ મૂકાનગરીના કુળ પરંપરમાં પેઢી દર પેઢી ઊતરી આવતો હતો. એમાં ખૂબી એ હતી કે રાજ્ય કરે ત્યારે રાજા બરાબર રાજ્યવહીવટ કરે, પણ તેનો ત્યાગ સમય વિચારીને કરે ત્યાર પછી તેની સામુ પણ ન જુએ. આવી જાતની ત્યાગવૃત્તિ બહુ વિરલ હોય છે. પણ વિરલ હોવાને કારણે જ પ્રશંસાપાત્ર બને છે. ઘણાખરા સંસારને ચાટતા જાય છે, મોટી વયે પણ પૃદગળાનંદીપણું છોડી શકતા નથી અને ઘડપણમાં પણ રાજ્યખટપટ અને ધમાલ તાણાઇ ખેંચાઇને પણ કરે છે. એવા માણસોને છોકરો ગમે તેટલો હુંશિયાર થયેલ હોય, પણ તેમના નજરે એ ઘોડિયામાં સૂતેલ બાળક જ લાગે છે અને પોતાની જેટલી તેની નજર નહિ પહોંચે એવા ભ્રમના નીચે એ સંસારને વળગી રહે છે. સામી બાજુએ દીકરો પણ બાપાના અવસાનની જ રાહ જોતો હોય છે બાપા સીધેસીધાતો કાંઇ રાજ્ય આપવાના નથી એટલે કાંતો ખટપટ થાય છે અથવા બુઢા બાપા આખો વખત છોકરો ક્યારે રાજ્ય પડાવી લેશે એની ચિંતામાં રહે છે. આવી કોઇ પણ ખટપટ વિના કે ગુંચવણમાંથી મૂકાનગરીની પરંપરા દૂર હતી. ત્યાં તો રાજાઓ પ્રેમથી રાજ્ય છોડી દેતા, છોડ્યા પછી એની સામે નજર પણ ન માંડતા અને એ રીતે પિતા પુત્રના સૌહાર્દમાં જરાપણ ક્ષતિ નહોતી આવતી.

ધનંજય રાજાએ આ કુળપરંપરાની રીતિને ખૂબ આનંદથી સ્વીકારી હતી અને તે માટે એણે વિવિધ તૈયારીઓ કરી રાખી હતી. એણે પોતાના પુત્રને રાજ્યનીતિ વ્યવહાર અને ન્યાય તેમજ ધર્મશાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કરાવવા સાથે તેનામાં નમ્રતા, સજ્જનતા અને કુશળતા આવે તે માટે ખાસ શિક્ષણ આપ્યું હતું. કળાનો અભ્યાસ દુરુપયોગ માટે નહિ પણ સારા માણસો તેનો ઉપયોગ કરે તેનાથી ચેતતા રહેવા માટે કરાવ્યો હતો અને લશ્કરી શિક્ષણ અને નિત્ય લાભ, સંધિવિગ્રહના નિયમો વગેરે શીખવી પ્રિયમિત્રને ખૂબ તૈયાર કર્યો હતો. એની માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં હતાં એના અતિશયકથનથી એને આડકતરી રીતે પ્રિયમિત્રની ભવિષ્યની ઉચ્ચગામિતાની જાણ થઈ હતી અને પોતાના અંતર પ્રેરણાથી એને સારી રીતે તૈયાર કરવાની એની ભાવના હતી એનો સારી રીતે અમલ કર્યો હતો. યોગ્ય વયે પ્રિયમિત્રના લગ્ન કરવાનાં આવ્યાં અને તે વખતના ધોરણ પ્રમાણે એને અનેક કન્યાઓ પરણાવવામાં આવી. પછી પુત્રની યોગ્યતા વિચારી ધનંજય રાજાએ સંસારનો ત્યાગ કર્યો ભાગવતી દીક્ષા લીધી અને જીવનને કૃતકૃત્ય કર્યું. સંસારનો ત્યાગ કર્યા પછી એણે રાજ્યને યાદ કર્યું નહિ. રાજકાજમાં માથું માર્યું નહિ, રાજપ્રકરણને અંગે કોઈ પ્રકારની સલાહ દીધી નહિ કે રાજખટપટમાં ભાગ લીધો નહિ. આવા વિરલ ત્યાગી મહાપુરુષો જીવનને હાથમાં રાખી જાય છે અને પોતાના જીવનનો વિકાસ સાધી જાય છે. બહુ મોટી વયે પણ સંસારને ન છોડનાર, નાની પુંજીને પણ મોટો ભંડાર માનનાર, સાઠ વર્ષની વયે પણ સરવૈયા કાઢનાર સંસારી જીવોએ આ ધનંજય રાજાનો દાખલો દષ્ટિ સન્મુખ રાખવા જેવો છે. અંતે તો સર્વ અહીં મૂકીને જવું પડવાનું જ છે અને એમાં છૂટકો થવાનો નથી. પણ પોતાના પ્રેમથી, અંતઃકરણની પસંદગીથી અને સમજણ પૂર્વકની આત્મવિકાસની શ્રદ્ધાથી ત્યાગ થાય ત્યારે તેનો જે આનંદ થાય તે અનુભવવા જેવો છે. એ નિર્મળ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદમાં અંતરની શાંતિ અને આત્મસ્વભાવની અનેરી સુવાસ આવે છે અને એ સુવાસ માણવા જેવી છે.

પ્રિયમિત્રના હાથમાં રાજ્યની લગામ આપતી વખતે પિતાએ તેનો ભવ્ય રાજ્યારોહણ પ્રસંગ ઉજવ્યો, અભિષેક કર્યો, રાજવીઓને આમંત્ર્યા અને પોતાના હાથે પુત્રને ગાદી ઉપર બેસાડી પોતે મહોત્સવ પૂર્વક દીક્ષા લીધી. પ્રિયમિત્રે તો ગાદી ઉપર આવતાં પોતાની વિશાળતા બતાવી દીધી, એણે રાજ્યનું હિત પ્રજાના હિત સાથેજ સમાયેલું છે તેના પુરાવા આપવા માંડ્યા. એણે જનતાની સલામતી માટે અનેક યોજનાઓ કરવા શરૂ કરી દીધી અને એણે લશ્કરની ભરતીમાં વધારો કરવા માટે અખાડાઓ વ્યાયામ શાળાઓ અને કસરતનાં સાધનોનો બહોળો ઉપયોગ પ્રજાને માટે શરૂ કરાવી દીધો. પ્રજાની એના તરફ લાગણી વધતી ચાલી અને અમલદાર વર્ગનો એણે ચાહ મેળવ્યો. એના અમાત્યો મંત્રીઓ સરદારો સામંતો અને સચિવો સર્વ એના તરફ પ્રેમ નજરે જુએ એવું એનું તેમના પ્રત્યેનું વર્તન હતું. રાજ્ય અને રાજ્યાશ્રિતોનો, રાજા અને અમાત્ય અમલદારોનો મેળ બરાબર હોય, પ્રજા અને રાજા વચ્ચે સુમેળ હોય અને રૈયત વફાદાર હોય તે રાજ્ય જરૂર આગળ વધે અને જ્યારે અમાત્ય કે અમલદાર વર્ગમાં નકામી ખટપટ ન હોય કે હોદ્દાની બાબતમાં અયોગ્ય પડાપડી ન હોય ત્યાં રાજ્યની આબાદી જરૂર થાય છે. આ નિયમ મૂકા નગરીના રાજતંત્રમાં બરાબર જામી ગયો હતો અને એ ચાલી આવતી પરંપરાને પ્રિયમિત્રે વિકસાવી હતી.

પ્રિયમિત્ર પાસેનાં રાજ્યો ઉપર પોતાનો કાબુ વધારતો ગયો, અને એ રીતે એણે ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું. આખા વિજયને પોતાના કાબૂ નીચે આણ્યો અને તેના માટે પ્રયાણ કરતાં એ મહાવિદેહ ક્ષેત્રના સદર વિજયના માગધ, વરદામ અને પ્રભાસના તીર્થો પોતાના કાબૂમાં લીધા. એમાં એક હકીકત ખાસ નોંધવા લાયક બને છે તે અત્યારે જોઈ જઈએ. માગધ તીર્થ સમુદ્ર તીરે હોય છે તે પર આવી ચક્રવર્તી બાણ દરિયામાં લગાવે. એ બાણ જળ નીચે આવેલ માગધ દેવની રાજ સભામાં પડે, એ પ્રથમ ગુસ્સે થાય, 'કોના ઉપર યમ દેવ કોપ્યો છે કે એણે મારા પ્રદેશ પર બાણ મારવાની ધૃષ્ટતા કરી?' આટલું બોલી એ બાણ પર મણિરત્નથી આલેખેલ ચક્રવર્તીનું નામ વાંચે એટલે પોતે ઠંડાગાર થઈ જાય અને જમીન પર આવી ચક્રવર્તીને પગે પડે અને એના હુકમને અનુસરવાની પોતાની તત્પરતા દાખવે અને તેની પાસે આવેલ બાણ અને આભરણ મણિમૌક્તિકનું ભેટણું ભારી ચક્રવર્તીને ધરે. આ વખતે ચક્રવર્તી પોતાનો રથ પાછો ફેરવે અને માગધદેવ નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવ કરે. ત્યાર પછી ચક્રવર્તી **વરદામ** તીર્થે આવે અને છેવટે **પ્રભાસ** તીર્થે જાય આ ત્રણે તીર્થો દરિયામાં અનુક્રમે પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશાએ હોય છે. અને પ્રત્યેક વિજયમાં તેની વ્યવસ્થા હોય છે. ત્યાર પછી આખા દેશમાં ચક્રવર્તીની આણ ફરે, એના નામની મુદ્રાઓ પડે, એનો વિજય વાવટો ઠામ ઠામ ફરકે અને આખા દેશમાં કોઈ પણ રાજા કે ખંડિયો એની આજ્ઞાની બહાર ન રહે. આ પ્રમાણે ચક્રવર્તીનું સામ્રાજ્ય આખા દેશમાં જામે અને એની આણા સાર્વત્રિક થાય. એમાં સિંધુદેવીના ભવનનો પણ સમાવેશ થાય અને વૈતાઢ્ય પરના વિદ્યાધરો પણ એની આજ્ઞાનો સ્વીકાર કરે. મુખ્ય વિભાગની ચઢાઈ ચક્રવર્તી કરે અને આજુબાજુના ડુંગરાળ અને પહાડી પ્રદેશો પર પોતાની આણા ફરકાવવા પોતાના સેનાધિપતિને મોકલે. આવાં આક્રમણો કરતાં ચક્રવર્તી ચર્મરત્નનો ઉપયોગ કરે છે એ અતિ વિશિષ્ટ મોટું વહાણ થઈ શકે છે અને સિંધુ જેવી મોટી નદીઓને ઓળંગવા માટે બહુ ઉપયોગી થઈ પડે છે. આ સર્વ વિધિ પ્રિયમિત્રે કર્યો

આ ચોવીશીમાં ભરત ક્ષેત્રે બાર ચક્રવર્તી થયા તેના નામ નિર્દેશ, સ્થળ, સમય અને ઉપયોગી બહુ

For Private And Personal Use Only

જરૂરી હકીકત ગ્રંથને છેડે નોંધ નં. ૫ માં રજૂ કરી છે. જો કે પ્રિયમિત્ર તો મહાવિદેહ ક્ષેત્રમાં થયા છે, પણ અહીંના ચક્રવર્તીનું કાંઈક જાણવા જરૂર ઈચ્છા થાય તેથી અત્રે આપેલ છે. ચક્રવર્તીને ચૌદ રત્ન પ્રાપ્ત થાય છે તે આ પ્રસંગે જાણી લેવા જેવાં છે, એમાંના સાત પંચેન્દ્રિય હોય છે અને સાત એકેન્દ્રિય હોય છે, આ રત્નો એટલે ઇજનેરી કુશળતા અને સહાયક વિધાનને આકાર આપવામાં આવ્યા હોય તેમ જણાય છે. આપણે એ રત્નનું સ્વરૂપ જે પ્રકારનું બતાવવામાં આવ્યું છે તે વિચારી જઈએ.[1]

## ચક્રવર્તીને પ્રાપ્ત થતાં ચૌદ રત્નો.

૧. **સેનાપતિ** એનું કાર્ય લશ્કરનું સંચાલન, સૈન્યની આગેવાની અને લડાઈ વખતે વ્યૂહ રચના કરવાનું હોય છે. ચક્ર રત્નની ઉત્પત્તિ પછી આ સેનાપતિની નિમણુંક રાજધાનીના શહેરમાં થાય છે.

૨. **ગાથાપતિ.** ગૃહપતિ. આનું સ્થાન રસવતી પતિનું છે. ઉપમિતિ ભવપ્રપંચા કથાના પ્રથમ પ્રસ્તાવમાં ધર્મબોધકર મંત્રીનું સ્થાન જે છે તે ચક્રવર્તીના સામ્રાજ્યમાં ગાથાપતિનું છે. અત્યારે Commissariat ખાતું જે કામ લડાઈ વખતે કરે છે તે કાર્ય આ ગાથાપતિનું છે. લડવા જનાર લશ્કરને ખોરાક હથિયાર. ઘોડા હાથી માટે ખડ અનાજ અને લશ્કર માટે સર્વ પ્રકારની સાધન સામગ્રી તૈયાર કરવાનું, તે સર્વને લડાઈના સ્થળોમાં મોકલવાનું અને લડનારને વસ્તુ હથિયાર કપડાં કે ખાવાની અગવડ ન પડે તે જોવાનું કામ આ ગૃહપતિ રત્નનું છે. તેજ રત્ન ચક્રવર્તીના રસોડા પર દેખરેખ રાખે, ચક્રવર્તીને માટે ખાસ ભોજન તૈયાર કરાવે અને ચક્રવર્તીની સગવડ પર પૂરતું અંગત ધ્યાન રાખે. આ ગાથાપતિની સાથે અત્યારનું સાધન પૂરવઠા ખાતું સરખાવી શકાય. એ લડાઈ યુદ્ધ દરમ્યાન પણ કામ આવે અને શાંતિના વખતમાં રાજસત્તા કાયમ રાખવાની ગોઠવણ કરે અને રાજાના રસોડાપર દેખરેખ રાખે અને આતિથ્ય-પરોણાગત રાજ્યને નામે કરે. આ ગાથાપતિનું કામ ઠીક ઠીક અગત્ય ધરાવે તે સ્વાભાવિક છે.

૩. **પુરોહિત.** આ વૈદકીય ખાતાના ઉપરી છે. લડાઈ વખતે ગમે તેવા આકરા ઘા પડે તેને મલમ-પટ્ટા કે કાપકુપ કરીને સાજા કરવાનું કામ આ પુરોહિતના હાથ નીચે ચાલે. લશ્કરની કૂચ વખતે એને નવાં નવાં પાણીના ઉપયોગ કરવા પડે તેમાં કેવાં લવણો ( salt ) વાપરવાં અને પાણી ઠારવા ન દેવું, તે ઉપરાંત ચક્રવર્તીની અંગત તબિયત જાળવવી એ આખું તંદુરસ્તી ખાતાના ઉપરી અધિકારીનું કામ ઘણું અગત્યનું ગણાય અને તે કામે ખાસ નિષ્ણાતને નીમવામાં આવે. એ ચૌદમું રત્ન ગણાય. એના ખાતામાં તંદુરસ્તી આવે. ઉપરાંત શાંતિકર્મ કરવાનું એને માથે હોય છે. એટલે તે વખતની માન્યતા પ્રમાણે સ્વસ્ત્યયન, જપ, હોમ, બળિ આકળા હોવાથી જે પ્રકારે દેવોની આરાધના કે પ્રાર્થના કરવામાં આવતી અને ગૃહદેવોને, સ્થાનદેવોને અને ક્ષેત્રદેવોને સ્થાપવામાં આવતાં તે કાર્ય પણ તે ખાતાના હાથમાં સોંપવામાં આવતું અને ખુદ ચક્રવર્તી કૂચ કરે ત્યારે તેની સાથે ખજાનામાં રહી શાંતિ મંત્ર કે પાઠનો ઉચ્ચાર કરવાની ફરજ પણ આ પુરોહિત રત્નને સોંપવામાં આવતી. શાંતિકર્મ અને વિઘ્ન નિવારણ, તબિયત અને તંદુરસ્તીને અંગે આ રત્નની ખાસ ઉપયોગિતા હતી અને એનું સ્થાન ચક્રવર્તીના સહાયકોમાં ખાસ અગત્યનું ગણાતું. એનો વધારેમાં વધારે ઉપયોગ લડાઈ ચાલતી હોય ત્યારે થતો અને શાંતિ વખતમાં પણ ઉપયોગિતા ખૂબ હતી. પુરોહિત રત્નના સ્થાનની મહત્તા સમજાઈ જાય તેમ છે.

( ચાલુ )

**સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)**

[1] ચૌદ રત્ન પૈકી સાત પંચેન્દ્રિય રત્નો બતાવ્યાં છે.

# ભીખારી બોધ આપે છે!

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

જગતમાં આપણે જોઈએ છીએ કે, ફાટ્યાતુટ્યા વસ્ત્રોથી જેમતેમ અંગ ઢાંકવાનો પ્રયત્ન કરી મોઢેથી અનેક દીન હીન કરૂણાજનક વચનો ઉચરી અગર એકાદ તુચ્છ વાદ્ય વગાડતા અને કરૂણ ગીત ગાતા કેટલાએક માણસો ભીખ માગે છે તેમજ ધર્મ કરો, ધર્મ કરો એવી યાચના કરતા ફરે છે. તેમાં ધર્મ કરો એ શબ્દોનો અર્થ તેઓ દાન આપો એવો કરતા હોય છે. દાન કરવાને જ તેઓ પુણ્ય માને છે. તેમાના કેટલાએક ભૂખ્યા હોય છે. અને કેટલાએક ટાઢથી ધ્રુજતા હોય છે કોઇને પોતાની માંદી પત્નીને ઓસડ કરાવવાની જરૂર હોય છે અને બીજા કોઇકને પોતાના બાળકો ભૂખથી રડતા જોઈ શકાતા નથી! ઘણાંના અનેક જાતના કરૂણામયી વચનો બોલી દાતાઓનું ધ્યાન પોતા તરફ આકૃષ્ટ કરે છે એવા અનેક જાતના ભિક્ષુઓ જોઈ એક કવિએ ઉચર્યું કે,

भिक्षुका नैव याचन्ते शिक्षयन्ति गृहे गृहे ।
देयं देयं पुनर्देयं न देयं फलमीदृशम् ॥

એટલે કવિ કહે છે કે, આ ભિખારીઓ ઘેર ઘેર ફરી ભીખ માગે છે એમ તમે ધારતા હશો તો તેમ માનવામાં તમારી ભૂલ થાય છે. હું તો માનું છું કે તેઓ તમારા ઘેરઘેર આવી તમને હિતશિક્ષા આપી જાય છે. તેઓ એવી જાતની હિતશિક્ષા આપે છે કે, આપો, આપો. ફરી આપો. તમે આપશો નહીં, અર્થાત્ દાન કરશો નહીં તો તમારી અવસ્થા મારા જેવીજ થવાની છે. મેં દાન આપ્યું નથી, તેથી જ મારી આવી દશા થઈ છે! એવી ચેતવણી આપવા માટે હું તમારા બારણે આવ્યો છું. મારી આ અવસ્થા કેવી થઇ એ પ્રત્યક્ષ બતાવવા માટે આવો પ્રત્યક્ષ દૃષ્ટાંત નજરો નજર બતાવવા અને તમને જાગૃત કરવા હું આવ્યો છું! એ પ્રત્યક્ષ જોઈ કાંઇક તમો પણ જાગૃત થાઓ એમ કહેવા માટે જ તમારા બારણે ચાલી આવ્યો છું. તમે મને દાન આપશો જ એવી મને ક્યાં ખાત્રી છે? તમે આપો કે ન આપો એ તમારા અખત્યારની વાત છે હું ક્યાં તમારી ઉપર જબરી કરવાનો છું? મને તમે નહીં આપો તો બીજો કોઈ દાતાર નીકળી આવશે. મારૂં પેટ તો દુઃખથી પણ ભરાશે. કષ્ટથી પણ ભરાશે! કારણ એક જ્ઞાનીએ કહી રાખેલું છે કે, 'દાને દાનેપર લિખા હૈ ખાનેવાલેકા નામ.' મારૂં ગમે તેમ થાય તેની તમારે ચિંતા કરવાની જરૂર નથી. પણ તમે સામે ચાલી આવેલી તક કેમ ગુમાવો છો?

શાસ્ત્રકારોએ ધર્મ કરવાના ચાર માર્ગો બતાવેલા છે. દાન, શીલ, તપ અને ભાવ. એ ચારે પ્રકારનાં ધર્મોમાં દાનને અગ્ર હક્ક આપેલો જણાય છે એટલુંજ નહીં પણ દાન આપવાથી માણસને અનેક જાતના પુણ્યનો અનાયાસે લાભ થઈ જાય છે. દાનમાં ત્યાગ તો સ્પષ્ટ રીતે જોવામાં આવે છે જ. અને દયા કરૂણાની ભાવના હોવા વગર દાન અપાય એ સંભવિત નથી. તેથી જ દાનને આટલું બધું મહત્વ શાસ્ત્રકારોએ આપેલું જણાય છે. દાન આપવાથી તે લેનારાને સંતોષ મળે છે. અને તેથી જ એ દાનીને પોતાની શુભ ભાવના અર્પણ કરે છે. અને જેટલા પ્રમાણમાં એ શુભ ભાવનાઓ કે આશીશો આપણને મળે છે, તેટલા જ પ્રમાણમાં આપણા આત્માની ઉન્નતિનો માર્ગ સુલભ બને છે. અને આપણી જડતા ઓછી થાય છે. મતલબ કે દાન એ મુક્તિમાર્ગ સરળ કરી આપવાનો એક સીધો અને નિષ્કંટક એવો માર્ગ છે અત્યારસુધી જે જે આત્માઓ તરી જવાનો માર્ગ વળ્યા છે, અને શુભ કર્મોનો સંચય સારા પ્રમાણમાં કર્યો છે તેઓએ એજ દાનનો માર્ગ આચર્યો છે. જેને આપણે ભીખારી અને તુચ્છ જેવા ગણીએ છીએ તેઓને જ દાનપુણ્યના કાર્યમાં આપણા ગુરુ ગણવામાં આવે તો કેવું સારૂં? તેઓ તો એક સાથે જ કારણ અને

કાર્યનો સ્પષ્ટ દાખલો નજર સામે રજુ કરે છે. દાન આપવાથી આમ થાય અને નહીં આપવાથી આમ થાય; એમ એ ચિત્રો આપણને બતાવે છે. આ ચિત્ર જુઓ અને આ ચિત્ર જુઓ ! એવા બન્ને ચિત્રો નજર સામે બતાવે છે. દાન આપશો તો પામશો અને નહીં આપો તો મારા જેવા બનશો. એવી બન્ને ભાવનાઓ આપણી સામે રજુ થાય છે. એમાંથી જે અવસ્થા ઠીક લાગે તે ચુંટવાનો અધિકાર તો આપણો જ છે. એમાં કોઇ ભાગ પડાવી શકે તેમ નથી. વિચાર કરો, અને જે । કરવું ઠીક લાગે તેમ કરો !

દાન કાંઇ એકલા દ્રવ્યથી જ અપાય એવો નિયમ નથી. એકાદ માણસ માર્ગ ભુલી અવળે રસ્તે જતો હોય તેને સરળ અને સીધો માર્ગ બતાવવો એ પણ દાન કરવાનો એક માર્ગ બની શકે. કોઇને ભણાવવું એ તો જ્ઞાનદાન કહેવાય. અને એ સહુ કરતા વધુ મૂલ્યવાન હોય છે. अन्नेन क्षणिकातृप्तिर्यावज्जीवं तु विद्यया । એટલે અન્નદાનથી તો થોડા કાળની તૃપ્તિ આપણે કોઇને કરાવી શકીએ. પણ જ્ઞાનનું દાન તો એવું હોય છે કે, તેથી જેને તે આપવામાં આવે છે, તે તેનું જન્મ સુધી યાદ રાખી શકે છે.

દાનીએ સતત એ ધ્યાનમાં રાખવાનું છે કે, દાન લેનાર પણ આપણા જેવોજ એક આત્મા છે. અને એના પ્રાચીન કર્મના પ્રભાવે એ હાલમાં દુઃખ ભલે ભોગવતો હોય પણ સંયોગવશાત્ આપણા કરતાં પણ એ વહેલો સુખી અને મુક્ત થઈ જાય પણ ખરો ! માટે તેને તુચ્છ અને હલકો નહીં ગણવો જોઇએ. એના ઉપર તો આપણે દયા અને અનુકંપાની દૃષ્ટિથી જોવું જોઇએ. કોઈ વૈભવશાલી માણસ કર્મવશાત્ સંકડાશમાં આવી પડેલો હોય અને દાન લેવા માટે એ હાથ લાંબો નહીં કરી શકતો હોય ત્યારે તેનું માનભંગ નહીં થાય તેવી રીતે યુક્તિથી તેને મદદ પહોંચાડવી જોઇએ. સરખામણીમાં તો આવા ગુપ્તદાનનું મહાન પુણ્ય અને ફળ ગણવામાં આવે છે. એવી રીતે દાનના ફળો તરતમભાવથી એકથી એક ચઢી જાય તેવા હોય છે. એ આપણે ભૂલવું નહીં જોઇએ.

સુપાત્ર એવા તપસ્વી સંત મહાત્માના દાન વિષે અમો અહીં કહેવા માગતા નથી. એવા દાનનો મહાન દુર્લભ યોગ સાંપડવો એ અહોભાગ્યનો વિષય છે ! અને તેના પરિણામે પ્રત્યક્ષ તીર્થંકર ગોત્ર બાંધી શકાય છે, એવા દાનનું વર્ણન થઈ શકે નહીં. અમોને તો જગતના નિત્ય વ્યવહારમાં જેવા પ્રકારના દાનના પ્રસંગો આપણી સામે ઉભા થાય તેવા દાનને જ અહીંઆ ચર્ચવાનો છે.

કોઈને ભીખારી જાણી તેની સામે એકાદ પૈસો ફેંકી દાન કર્યાનું પુણ્ય આપણે મેળવવા માગીએ એ કોઈ પણ રીતે ઉચિત ન જ કહી શકાય. દાનની પાછળ દયા, કરૂણા અને મનનો શુભ ભાવ અને ઉલ્લાસ હોવો જોઇએ અને તેની પાછળ કર્તવ્યની ભાવના જાગ્રત હોવી જોઇએ. તેમ જ સાથે સાથે આપણે કેવા દાતાર છીએ એવી અહંકારની તુચ્છ ભાવના તો ન જ હોવી જોઇએ. મતલબ કે જેમ કોઈ પણ ખાદ્ય પદાર્થ નિર્દોષ અને શુદ્ધ હોય તો જ તે આપણને આરોગ્ય અને પુષ્ટિ આપી શકે. તેમ જ દાન પુણ્ય કરતા આપણી ભાવના અને ઉદ્દેશ શુદ્ધ નિર્વિકાર અને અકલુષિત હોવી જોઇએ. આપણે શુદ્ધ અને નિર્મળ ફળની આકાંક્ષા રાખીએ ત્યારે તેની મૂળ ક્રિયા પણ શુદ્ધ, અને નિર્મળ હોવી જોઇએ એ સ્વાભાવિક રીતે જ ફલિત થાય છે.

આપણી નામના, કીર્તિ વધે અને આપણું નામ તખ્તી ઉપર ચડશે કે આપણું નામ આપણી તસવીર સાથે છાપામાં જોવામાં આવે એ ભાવનાથી કરેલા દાનનું આપણને પુણ્ય મળે ! અને તેનું ફળ પણ ચાખવા મળે ! પણ એ કોના જેવું ? મમ્મણ શેઠનું નામ શાસ્ત્રના પાને ચડયું છે. પણ તે તેના કલુષિત અને સ્વાર્થી વિચારો માટે ! નહીં કે તેની દાનશીલતા માટે ! દાન આપીને પણ એ તેના ફળો વિરૂદ્ધ રીતે કેવા મેળવે છે, તે માટે !

દ્રવ્ય એવી વસ્તુ છે કે, તેની સાથે જ તેના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "ચત્તારિ અટ્ઠ દસ" ગાથાની ચૌદ પરિપાટીઓ

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

"સિદ્ધાણં બુદ્ધાણં"થી શરૂ થતી કૃતિની પહેલી ત્રણ ગાથા **આવસ્સયના** 'કાઉસ્સગ્ગ' અજ્ઝયણમાં જોવાય છે. આજે આ કૃતિનો જે પાઠ પ્રચલિત છે તેમાં આ ઉપરાંત બે ગાથાને સ્થાન અપાયું છે. એમાંની છેલ્લી ગાથા નીચે મુજબ છે :-

"चत्तारि अट्ठ दस दो य वन्दिया
जिनवरा चउव्वीसं ।
परमट्ठनिट्ठियट्ठा सिद्धा सिद्धिं मम दिसन्तु ॥"

આ ગાથા "સિદ્ધાણં બુદ્ધાણં"માં ક્યારે ઉમેરાઇ તેની પૂરી તપાસ કરવી બાકી રહે છે એમ તેમ પણ આ ગાથા ઇ. સ.ની પાંચમી સદી જેટલી તો પ્રાચીન છે જ, કેમકે વિનયવિજય ગણિના કથન મુજબ આ ગાથામાં ચૌદ પરિપાટી **સંઘદાસ** ગણિએ **વસુદેવહિંડી**માં દર્શાવી છે.[1] **વસુદેવહિણ્ડી** (ખંડ ૧, અંશ ૧-૨)માં આ જણાતી નથી એટલે વિનયવિજય ગણિએ જે ચૌદ પરિપાટીને અંગે ૨૭ ગાથાની કૃતિ રચી છે તેનાથી આ લેખનો પ્રારંભ કરું છું. સાથે સાથે તીર્થંકરની સંખ્યાના ક્રમે એ પરિપાટીઓ હું વિચારું છું.

**ચાર પ્રકારે ૨૦ તીર્થંકરો**—'ચત્તારિ' એટલે અરિઓને-દુશ્મનોને જેમણે ત્યજી દીધા છે તેવા અટ્ઠ=૮; દસ=૧૦; દો=૨ આનો સરવાળો ૨૦ (૮+૧૦+૨) થાય છે. આ સંખ્યા આપણા આ 'ભરત' ક્ષેત્રમાં ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં જે વીસ તીર્થંકરો 'સમ્મેતશિખર' ઉપર નિર્વાણ પામ્યા તેની છે. પરિપાટી ૨, ગા. ૬ [૮+૧૦+૨=૨૦] આ પ્રમાણે અર્થ કરતી વેળા 'चउव्वीसं'થી 'च उ व्वीसं' એમ સમજવાનું છે 'અ' અને ઉ' એ બે વિશિષ્ટ અર્થના પ્રકાશક છે. વીસ=૨૦.

પ્રસ્તુત ગાથા અન્ય રીતે વિચારતા ચત્તારિ=૪. 'જંબૂદ્વીપ'માં ૪, 'ધાતકી' ખંડમાં ૮ અને પુષ્કરાર્ધમાં બેથી રહિત દસ અર્થાત્ ૮ એમ ૪+૮+૮ એટલે વીસ. આ અત્યારે વિહરમાણ તીર્થંકરોની સંખ્યા છે. પરિપાટી ૫, ગા. ૧૧ [૪+૮+૧૦-૨=૨૦]

'જંબૂદ્વીપ'માં ૪ એટલે કે પૂર્વ વિદેહમાં ૨ અને પશ્ચિમ વિદેહમાં ૨, 'ધાતકી'ખંડમાં ૮ અને 'પુષ્કરાર્ધ'માં ૮ એમ એક સાથે જન્મનારા તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા ૨૦ (૪+૮+૮)ની છે. પરિપાટી ૬, ગા. ૧૨ [૪+૮+૮]

અહીં 'ભરત' અને 'ઐરાવત' ક્ષેત્રોમાં એકે તીર્થંકરનો જન્મ ન હોય અને 'મહાવિદેહ' નામનાં ક્ષેત્રોમાં જ હોય એ રીતે આ વિચારણા રજૂ કરાઇ છે.

પાંચે ભરત અને પાંચે ઐરાવતમાં જઘન્યથી એકેક તીર્થંકર હોય. આમ કુલ્લે દસ તીર્થંકર ગણાય.

ચત્તારિઅટ્ઠ એટલે 'આઠ કર્મરૂપ શત્રુઓનો જેમણે ત્યાગ કર્યો છે તેવા.'

'દો ય'થી 'બે પ્રકારે' એવો અર્થ કરવાનો છે. આ બે પ્રકાર તે જન્મની અપેક્ષાએ તેમ જ વિહરમાણતાની અપેક્ષાએ સમજવાના છે. 'चउव्वीस'નો અર્થ કરતી વેળા च ને उव्वीस એમ પદચ્છેદ કરવો.

1 જુઓ "જૈન ધર્મ પર સ્તોત્ર-ગોલકાર્થ-સભા ચમત્કારેતિ કૃતિત્રિતય"ની મારી આવૃત્તિમાં પ્રસિદ્ધ કરાયેલ "પરિપાટી ચતુર્દશક" (ગા. ૨૬).

---

નાશની યોજના યથાર્થ રહેલી હોય છે. દાન અને ભોગ એ એના ઉપયોગો છે. તેમાંથી એકે ઉપયોગ ન થાય ત્યારે તેનો વિનાશ ચોક્કસ થાય જ, એમાં શંકા નથી. માટે જ હાથે તે સાથે ગણી જેટલું બને તેટલું શુભ કર્મ બાંધી લેવું એ આપણું કર્તવ્ય છે. દાન કરો તે શુદ્ધ નિસ્વાર્થભાવે કરો. એ જ અમારા લખાણનો હેતુ છે. બધાઓને એ ભાવના જાગે. એવા શુદ્ધ હેતુથી વિરમીએ છીએ.



For Private And Personal Use Only

'च' વિશિષ્ટ અર્થનો પ્રકાશક જાણવો અને उव्वीस એટલે ઉર્વીશ અર્થાત્ પૃથ્વીના નાથ. એટલે ભુવનના બાંધવો. પરિપાટી ૭, ગા. ૧૩-૧૪.[ ૧૦+૧૦=૨૦ ]

આ ઉપરથી જોઈ શકાશે કે તીર્થંકરોની વીસની સંખ્યા ચાર રીતે ઘટી શકે છે. એ ચાર રીતો નીચે મુજબ છે :-

(૧) 'સમ્મેતશિખર' ઉપર આ ચોવીશીમાં નિર્વાણ પામેલા તીર્થંકર ૨-૧૧ ૧૩-૨૧, અને ૨૩ એમ વીસ; (૨) અઢી દ્વીપમાંના અત્યારે વિહરમાણ **સી**મંધરાદિ વીસ તીર્થંકરો (૩) મહાવિદેહોમાં એકી સાથે જન્મનારા તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા વીસ; (૪) ભરત અને ઐરાવતમાં જન્મનારા તેમ જ વિહરમાણ એમ બે જાતના તીર્થંકરોની જઘન્ય સંખ્યા વીસ.

**૨૩ તીર્થંકરો**–चत्तारि એટલે રિપુઓના ત્યાગી. चउवीस એટલે ચાર વડે ભાંગેથી વીસ એટલે કે ૨૦/૪ અર્થાત્ ૫. वंद्य એટલે સ્વર્ગના પાલક=ઇન્દ્ર (कं=સ્વર્ગ). ઇન્દ્રોથી વંદન કરાયેલા એવા 'वंदवन्दिया'નો અર્થ અહીં કરવાનો છે. આ પ્રમાણે વિચારતાં ૮+૧૦+ ૫=૨૩ એવી તીર્થંકરોની સંખ્યા થાય છે. 'શત્રુંજય' ગિરિએ ચાલુ અવસર્પિણીમાં આપણા દેશના ૨૩ તીર્થંકરો ગયા હતા. ચોવીસમાંથી ફક્ત નેમિનાથ ગયા નથી એમ મનાય છે.–પરિપાટી ૩, ગા. ૮-૯ ( ૮+૧૦+૨૦/૪=૨૩ ).

**૨૪ તીર્થંકરો**–ચત્તારિ=૪; અટ્ઠ=૮; દસ=૧૦; દો=૨; 'ય'=અને, ચઉવ્વીસં=૨૪. 'અષ્ટાપદ' પર્વત ઉપર ( 'સિંહનિષદ્યા' નામના પ્રાસાદમાં ) **ભ**રત ( ચક્રવર્તીએ ) પૂર્વ દિશામાં **ઋ**ષભદેવ અને **અ**જિતનાથ એમ બે, દક્ષિણ દિશામાં **સં**ભવનાથ, **અ**ભિનન્દનનાથ, **સુ**મતિનાથ અને **પદ્મ**પ્રભનાથ એમ ચાર, પશ્ચિમમાં **સુ**પાર્શ્વનાથ, **ચ**ન્દ્રપ્રભસ્વામી, **સુ**વિધિનાથ, **શી**તલનાથ, **શ્રે**યાંસનાથ, **વા**સુપૂજ્યસ્વામી, **વિ**મલનાથ અને **અ**નન્તનાથ એમ આઠ અને ઉત્તર દિશામાં **ધ**ર્મનાથ, **શા**ન્તિનાથ, **કુ**ન્થુનાથ, **અ**રનાથ, **મ**લ્લિનાથ, **મુ**નિસુવ્રતસ્વામી, **ન**મિનાથ, **ને**મનાથ, **પા**ર્શ્વનાથ અને **મ**હાવીરસ્વામી એમ દસ એટલે કે કુલે ૨૪ તીર્થંકરોની પોતપોતાના દેહનાં વર્ણ અને માપ તેમ જ લાંછનપૂર્વકની પ્રતિમાઓ **ભ**રતે સ્થાપિત કરી હતી.

–પરિપાટી ૧, ગા. ૧-૫ (૪+૮+૧૦+૨=૨૪).

**૭૨ તીર્થંકરો**—ચત્તારિ=૪; અટ્ઠદસ=૧૮; ચત્તારિઅટ્ઠદસ=૪×૧૮=૭૨. આ સંખ્યા 'ભરત' ક્ષેત્રના તીર્થંકરોના ત્રણ ચોવીસીની થાય

—પરિપાટી ૧૦, ગા. ૧૮ [૪ (૮+૧૦)

**૧૨૦ તીર્થંકરો**—ચત્તારિઅટ્ઠ=૪+૮=૧૨. ચત્તારિઅટ્ઠદસ=૧૨×૧૦=૧૨૦ દેવવંદિયા=ઇન્દ્રો દ્વારા વંદન કરાયેલા. चउव्वीस= +उव्वीसं. 'ભરત' ક્ષેત્રની પાંચ ચોવીસી વિચારતાં ૨૪×૫=૧૨૦ તીર્થંકરો થાય.

—પરિપાટી ૧૧, ગા. ૧૯

**૧૬૦ તીર્થંકરો**—ચત્તારિ=અરિચત્તા=દુશ્મનોને જેમણે ત્યાગ્યા છે તેવા.

અટ્ઠદસદો=૮×૧૦×૨=૧૬૦. અઢીદ્વીપના ૩૨+૬૪+૬૪=૧૬૦ વિજયો છે. એ સર્વ વિજયોમાં એકેક તીર્થંકર હોય ત્યારે ૧૬૦ તીર્થંકરો થાય–

પરિપાટી ૮, ગા. ૧૫ [ ૮×૧૦×૨=૧૬૦ ]

**૧૭૦ તીર્થંકરો**—ચત્તારિ=૪; [1]અટ્ઠ=અટ્ઠટ્ઠ=૮=૬૪; [2]દસ=દસદસ=૧૦૦; દો=૨ ૪+૬૪+૧૦૦+૨=૧૭૦. **અ**જિતનાથના સમયમાં પંદર કર્મભૂમિમાં ૧૭૦ તીર્થંકરો સમકાળે વિદ્યમાન હતા. એમાંના એક તે **અ**જિતનાથ. એકી સાથે વિદ્યમાન તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા ૧૭૦ ની છે. પરિપાટી ૯ ગા. ૧૬-૧૭ [ ૪+૮×૮+૧૦×૧૦+૨=૧૭૦ ]

**૩૬૦ તીર્થંકરો** ચત્તારિ=૪; અટ્ઠદસ=અટ્ઠદસદસ=૮×૧૦+૧૦=૯૦ ચત્તારિ અટ્ઠદસ=૪ ૯૦=૩૬૦ આ પાંચે 'ભરત' ક્ષેત્રની અતીત વર્તમાન અને અનાગત એમ ત્રણે કાળની પંદર (૫×૩) ચોવીસીના તીર્થંકરોની સંખ્યા છે.

–પરિપાટી ૧૨, ગા. ૨૦

૧ 'એક શેષ.' ૨ એક શેષ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૧૦૪ તીર્થંકરો**–આ પૂર્વે જે ૭૨, ૧૨૦ અને ૩૬૦ એમ જે તીર્થંકરોની સંખ્યા દર્શાવી છે તે પ્રત્યેક 'દો' એટલે બે ગણી અર્થાત્ બમણી કરતાં તે અનુક્રમે ૧૪૪, ૨૪૦ અને ૭૨૦ ની થાય. ભરત અને ઐરાવત એ બે ક્ષેત્રોની ત્રણે કાળની એકેક ચોવીશી ગણતાં ૨×૩=૬ ચોવીસી અર્થાત્ ૧૪૪ તીર્થંકર થાય.

પાંચે ભરત અને પાંચે ઐરાવત એમ દસ ક્ષેત્રની એકેક ચોવીશી ગણતાં ૧૦×૨૪=૨૪૦ તીર્થંકર થાય.

પાંચે ભરત અને પાંચે ઐરાવત એમ દસ ક્ષેત્રની ત્રણે કાળની એકેક ચોવીસી ગણતાં ૧૦×૩=૩૦ ચોવીસી થાય એટલે ૭૨૦ તીર્થંકર થાય.

આમ જે ૬+૧૦+૩૦=૪૬ ચોવીસી થાય. એટલે તીર્થંકરો ૪૬×૨૪=૧૧૦૪ થાય. પરિપાટી ૧૩, ગા. ૨૧–૨૩ [ ૭૨×૨+૧૨૦×૨+૩૬૦×૨= ૧૧૦૪ ]

**૨૪ જિનાલયો**—ઊર્ધ્વલોકમાં અર્થાત્ અનુત્તર, ગ્રૈવેયક, કલ્પ અને જ્યોતિષ્કમાં ચાર, અધોલોકમાં એટલે કે વ્યંતરમાં આઠ અને ભવનાધિપતિઓના ભવનોમાં દસ ( એમ એકંદર ૧૮ ) તેમ જ તિર્યગ્લોકમાં શાશ્વત અને અશાશ્વત એમ બે ( પ્રકારનાં ) જિનાલયો એટલે ચોવીસ. એમ ત્રણે લોકનાં જિનાલયોને હું વંદન કરું છું.–પરિપાટી ૧૪, ગા. ૨૪–૨૫ [ ૪+૮+૧૦+૨=૨૪ ]

**'નંદીશ્વર'નાં ૫૨ જિનાલયો**—ચત્તારિ=૪, અટ્ઠ=૮; દસ=૧૦, દો=૨; ચત્તારિ અટ્ઠ=૪×૮=૩૨; દસદો=૧૦×૨=૨૦. ૩૨+૨૦=૫૨; 'ય' અને 'ઉ' એ બે વિશિષ્ટ અર્થના દ્યોતક છે. મતાંતર પ્રમાણે વીસ નંદીશ્વર દ્વીપમાં જિનાલયોની સંખ્યા ૫૨ કેવી રીતે છે તે તો દર્શાવાયું છે. પરંતુ વીસ કેવી રીતે ગણવી તેનો કોઇ ઉલ્લેખ નથી. એ ૪+૮+૮ (૧૦–૨) એમ વીસ થાય.

આ ઉપરથી જોઈ શકાશે કે વિનયવિજય ગણિએ "ચત્તારિ અટ્ઠ દસ" ગાથાના ઉત્તરાર્ધનો અર્થ દર્શાવ્યો નથી. એમણે તો પૂર્વાર્ધના ભિન્ન ભિન્ન રીતે અર્થ સૂચવ્યા છે. તેમ કરતી વેળા એમણે નિમ્નલિખિત શબ્દોના યથાસંભવ જુદા જુદા અર્થ કર્યા છે:–

चत्तारि=(૧) ચાર અને (૨) જેમણે દુશ્મનોનો ત્યાગ કર્યો છે એવા.

अट्ठ=(૧) આઠ; (૨) આઠ કર્મ; (૩) ચોસઠ ( એક શેષ ગણીને ).

चत्तारि अट्ठ=જેમણે આઠ કર્મરૂપ શત્રુઓનો ત્યાગ કર્યો છે તેવા.

દસ=(૧) દસ અને (૨) સો (એક શેષ ગણીને)

અટ્ઠદસ=(૧) અઢાર, (૨) ૮×૧૦=એંશી અને (૩) ૮×૧૦+૧૦=નેવું.

दोय=(૧) બે અને; (૨) સ્વર્ગનો પાલક અર્થાત્ ઇન્દ્ર.

चउव्वीस=(૧) ચોવીસ; (૨) અને પૃથ્વીના સ્વામી ( च+उव्वीस ) (૩) વિશેષાર્થક દ્યોતક च અને उ તેમજ વીસ; (૪) ચારે ભગિલ વીસ અર્થાત્ પાંચ.[1]

**સમાનતા**—વિ. સં. ૧૩૨૭ માં સ્વર્ગે સંચરેલા અને નવ્ય કર્મગ્રંથો વગેરે રચનારા દેવેન્દ્રસૂરિએ પણ "चत्तारि अट्ठ दस" થી શરૂ થતી ગાથાના **જુદા** જુદા અર્થ જે એમને સંપ્રદાય દ્વારા મળ્યા હતા તે દર્શાવ્યા છે; એ માટે એમણે પાઇયમાં પંદર ગાથા રચી તેનું વિવરણ પણ પ્રાયઃ પાઇયમાં કર્યું છે. આ કૃતિમાં તેમ જ વિનયવિજયગણિકૃત કૃતિમાં નીચે મુજબની સમાનતા છે:—

[૧] ૪+૮+૧૦+૨=૨૪ આ 'અષ્ટાપદ' ઉપર 'સિંહનિષદ્યા' પ્રાસાદમાં **ભ**રતે દક્ષિણાદિ ચારે દિશામાં સ્થાપન કરેલી જિનપ્રતિમાની સંખ્યા છે. ગા. ૧

૧. ચૌદ પરિપાટીઓનું ગાથાના ક્રમે વિવરણ **વિનય સૌરભ** (પૃ. ૬૫–૬૮)માં મેં આપ્યું છે. આ મારું પુસ્તક ટુંક સમયમાં રાંદેરની "વિનય મંદિર સ્મારક સમિતિ" તરફથી પ્રસિદ્ધ થનાર છે. એમાં મેં આ પ્રસ્તુત લેખની ભલામણ કરી છે.

For Private And Personal Use Only

[૨] ૪×૮+૧૦×૨=૫૨ આ 'નંદીશ્વર' દ્વીપનાં જિનાલયોની સંખ્યા છે. ગા. ૩

[૩ ૪+૮+૧૦-૨=૨૦. મતાંતર પ્રમાણે નંદીશ્વરમાં જિનાલયો વીસ છે-ગા. ૩

[૪] ૮+૧૦+૨=૨૦ સમ્મેતશિખર ઉપર ( નિર્વાણ પામેલા ) જિનેશ્વરોની આ સંખ્યા છે-ગા. ૪

[૫] ૮+૧૦+૨=૨૦. પાંચે ભરત અને પાંચે ઐરાવતમાં ઉત્પન્ન થનારા તીર્થંકરોની જઘન્ય સંખ્યા દસની અને એ ક્ષેત્રોમાં વિહરનારની પણ જઘન્ય સંખ્યા દસની છે. આમ ૧૦+૧૦=૨૦ ગા. ૫

[૬] ૪+૮+૧૦-૨=૨૦. જંબૂદ્વીપમાં ૪, ધાતકીમાં ૮ અને પુષ્કરાર્ધમાં ૮ એમ કુલ્લે વીસ તીર્થંકરો અત્યારે વિહરમાણ છે-ગા. ૫

[૭] ૧૦×૮×૨=૧૬૦. પાંચે મહાવિદેહના તમામ ૧૬૦ (=૫×૩૨) વિજયોમાં એકેક વિહરમાણ તીર્થંકર ગણતાં આ સંખ્યા ઉદ્ભવે છે-ગા ૬

[૮] ૮ + ૧૦ + ૨૦/૪=૨૩. આ 'શત્રુંજય' ઉપરના તીર્થંકરોની સંખ્યા છે.-ગા. ૯

[૯] ૪ + ૮ + ૧૦ + ૨=૨૪. આ અનુક્રમે ઊર્ધ્વલોકમાં વ્યંતરોમાં, ભવનપતિના આવાસોમાં અને તિર્યગ્લોકમાંની શાશ્વત કહી છે એમ ત્રૈલોક્યની ૨૪ જિન પ્રતિમા છે.-ગા. ૧૦-૧૧

[૧૦] ૪ (૮ + ૧૦)=૭૨. આ ભરતક્ષેત્રની અતીત વર્તમાન અને અનાગત એમ ત્રણ ચોવીસીના તીર્થંકરોની સંખ્યા છે.-ગા. ૧૨

[૧૧] ૪ + ૮×૮ + ૧૦×૧૦+૨=૧૭૦. આ સમસ્ત ભરત, ઐરવત અને વિદેહમાં એકી સાથે વિદ્યમાન તીર્થંકરોની સંખ્યા છે.-ગા.-૧૩-૧૪

[૧૨] ૪ (૮×૧૦+૧૦)=૩૬૦, આ પાંચે ભરતની ત્રણે કાળની એકેક ચોવીસી વિચરતાં તીર્થંકરોની સંખ્યા છે.

[૧૩] (૪+૮)૧૦=૧૨૦. આ પાંચે ભરતની એકેક વર્તમાન ચોવીસીના વિચરતાં તીર્થંકરોની સંખ્યા ૩૬૦ (=૧૫×૨૪)ની થાય છે

[૧૪] ૪+૮+૧૦-૨=૨૦. આ વીસ વિહરમાણ તીર્થંકરોની સંખ્યા છે.

આ પ્રમાણેની ચૌદ પરિપાટીઓ દેવેન્દ્રસૂરિએ દર્શાવી છે. પંદરમી ગાથામાં કર્તાએ પોતાના નામનો નિર્દેશ કર્યો છે તેમ સાથે ઉમેર્યું છે કે જે દેવેન્દ્રે વંદન કરેલા જિનેન્દ્રોને ત્રિકાળ પ્રણામ કરે છે તે શાશ્વત સુખવાળા નિર્વાણને પામે છે એમ જગદ્ગુરુઓ કહે છે

**વિશેષતાઓ**—દેવેન્દ્રસૂરિની કૃતિમાંની વિશેષતાઓ નીચે મુજબ છે—

[૧] ૪ + ૮ + ૧૨ (૧૦ − ૨)=૨૪ આ અષ્ટાપદની ઉપરની, વચ્ચેની અને નીચેની મેખલાઓમાંનાં જિનાલયોની અનુક્રમે સંખ્યા છે-ગા. ૨

[૨] ૮ + ૧૦ − ૨ − ૪=૧૨. આ 'નંદીશ્વર' દ્વીપમાંની સૌધર્મ અને ઈશાન એ બે દેવલોકના એકેક ઇન્દ્રની અગ્રમહિષીની રાજધાનીમાંનાં જિનાલયોની સંખ્યા છે. ગા. ૩

[૩] ૪+૮+૮+૧૦+૨=૩૨ મતાંતરથી ઉપર્યુક્ત રાજધાનીઓમાંનાં જિનાલયોની સંખ્યા છે. ગા. ૩

[૪] (૪+૪)૧૦×૩=૨૪૦. આ પાંચે ભરતની એકેક ચોવીસી અને પાંચે ઐરાવતની એકેક ચોવીસી એમ દસ ચોવીસીના તીર્થંકરોની સંખ્યા છે. ગા. ૭-૮

[૫] (૪×૮×૧૦×૨− ૨૦/૪)=૬૩૫. 'જંબૂ'દ્વીપમાં ૬ કુલગિરિ, ૨ કુરુ, ૧૬ મેરુ, ૧ ચૂલા, ૪ ગજદંત, ૧૭ વક્ષસ્કાર, ૮ દિગ્ગજ, ૧૬ દ્રહ, ૨૦૦ કંચનગિરિ, ૧૪ મહાનદી, ૩૪ વૈતાઢ્ય, ૪ વૃત્તવૈતાઢ્ય, ૧૬ કુંડ, ૪ યમક અને ૨૩૪ તરુ ગણતાં ૬૩૫ થાય છે.

[૬] ૬૩૪×૨+૨=૧૨૭૦ 'ધાતકી' ખંડમાં ૧૨૭૨ છે કેમકે એમાં ૨ ઈષુકાર છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૭] ૧૨૭૨+૪=૧૨૭૬ પુષ્કરાર્ધમાં ૧૨૭૬ છે. કેમકે એમાં ૪ માનુષોત્તર છે.

[૮] ૫૨+૩૨+૪+૪=૯૨. 'નંદીશ્વરદ્વીપ'માં ૫૨, ૩૨ રાજધાની, ૪ કુંડલ અને ૪ રુચક એમ ૯૨ છે.

[૯] ૫૨+૧૬-૪+૪=૬૮ રાજધાની ૩૨ ને બદલે ૧૬ ગણતાં આ સંખ્યા ઉદ્ભવે છે.

[૧૦] ૬૩૫+૧૨૭૨+૧૨૭૬+૯૨=૩૨૭૫ એ. તિર્યગ્લોકને અંગેની સંખ્યા છે.

[૧૧] ૬૩૫+૧૨૭૨+૧૨૭૬+૭૬=૩૨૫૯. એ. મતાંતર પ્રમાણે તિર્યગ્લોકમાંની સંખ્યા છે.

[૧૨] ૪૬૩ "સંસારતારયાણું"થી શરૂ થતા સ્તવન અનુસાર આ સંખ્યા છે. 'નંદીશ્વર'માં ૫૨-૪ કુંડલ, ૪ રુચક, ૪ મનુષ્યોત્તર, ૪ ઇષુકાર, ૮૫ મેરુ, ૨૦ ગજદંત, ૧૦ કુરુદ્રુમ, ૩૦ વર્ષધર, ૮૦ વક્ષસ્કાર અને ૧૭૦ વૈતાઢ્ય ગણતાં આ સંખ્યા ઉદ્ભવે છે.

[૧૩] ૩૨૫૯+૭,૭૨,૦૦૦૦૦(સાત કરોડ બોંતેર લાખ) + ૮૪૯૭૦૨૩=૮૫૭૦૦૨૮૨. પહેલી સંખ્યા તિર્યગ્લોકમાંનાં જિનભવનોની છે, જ્યારે બીજી અને ત્રીજી અનુક્રમે અધોલોકમાંનાં અને ઊર્ધ્વલોકમાંનાં જિનભવનોની છે.

[૧૪] ૪૬૩+૭૭૨૦૦૦૦૦+૮૪૯૭૦૨૩=૮૫૬૯૭૪૮૫. પહેલી સંખ્યા તિર્યગ્લોકમાંનાં મતાંતર પ્રમાણેનાં જિનભવનોની છે, જ્યારે બીજી બે અનુક્રમે અધોલોક અને ઊર્ધ્વલોકનાં જિનભવનોની છે.

[૧૫] ૭૨×૨=૧૪૪. આ છ ચોવીસીના તીર્થંકરોની સંખ્યા છે.-ગા. ૧૫

[૧૬] ૧૨૦×૨=૨૪૦. આ દસ ચોવીસીના તીર્થંકરોની સંખ્યા છે.-ગા. ૧૫

[૧૭] ૩૬૦×૨=૭૨૦. આ વીસ ચોવીસીના તીર્થંકરોની સંખ્યા છે.-ગા. ૧૫

[૧૮] વીસ વિહરમાણ તીર્થંકરોનાં નામ, સ્થળ અને લાંછનો દર્શાવાયાં છે.

**ઉત્તરાર્ધના વિવિધ અર્થો**-દેવેન્દ્રસૂરિએ પૂર્વાર્ધના ભિન્ન ભિન્ન અર્થ જેમ દર્શાવ્યા છે તેમ કેટલીકવાર ઉત્તરાર્ધને ઉદ્દેશીને પણ તેમ કર્યું છે. દા. ત. ત્રીજી ગાથાના વિવરણમાં તેમણે '[1]પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા' એટલે 'વર્ણનમાત્રથી નહિ, (પરંતુ વાસ્તવિક રીતે) જેમની આસ્થા યાને રચના નિષ્ઠાને પામેલી છે તેવા' એમ અર્થ કર્યો છે. એવી રીતે 'સિદ્ધા'નો અર્થ 'નિત્ય' કરાયો છે, કેમકે એમની સ્થિતિ અંત વિનાની છે.

ચોથી ગાથાના વિવરણમાં નીચે મુજબ બે અર્થ અપાયા છે.

(૧) પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા=ઉપચારથી નહિ (પરંતુ ખરેખર) જેમનાં પ્રયોજનો સમાપ્ત થયાં છે તેવા.

(૨) 'સિદ્ધા'-મોક્ષે ગયેલા.

પાંચમી ગાથાના વિવરણમાં 'પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા'નો અર્થ નીચે પ્રમાણે કરાયો છે—

ભૂતની જેમ ભાવિનો ઉપચાર કરવાથી.

'સિદ્ધા'=એટલે ભવ્યોને ગુણનો સમુદાય ઉપલબ્ધ હોવાથી પ્રખ્યાત.

નવમી ગાથાના વિવરણમાં કહ્યું છે કે પરમટ્ઠ એટલે સમવસરણાદિક ઉત્કૃષ્ટ લક્ષ્મીને વિષે રહેલા અર્થાત્ સમવસૃત. નિટ્ઠિઅટ્ઠ=કેવલજ્ઞાનરૂપ ફળને પામેલ

સિદ્ધા=(૧) શાસન કરનાર અને (૨) મંગળરૂપ.

**બાર અર્થો-જૈનધર્મવર સ્તોત્ર** (શ્લો. ૨૩)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૭૯)માં "ચત્તારિ અટ્ઠ૦" ગાથાના બાર અર્થ થતા હોવાનું કહ્યું છે. **ચેઇયવંદણમહાભાસ** પણ અન્ય અર્થ રજૂ કરે છે.

[1] परमार्थनिष्ठितास्थाः ।

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :— શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર પ્રભુનું હાલરડું

( રાગ—શીવાજીના હાલરડાનો )

સ્નેહભરી જેની આંખડી ને વળી હૈયામાં ઝાઝું હેત,
દયા ભર્યું દિલ દ્રવતું જેનું, માંહી ભર્યો છે વિવેક;
હાલો હાલો હાલરૂં ગાવે, માતા ત્રીસલાજી ઝુલાવે. હાલો૦

કંઠ સુકોમળ સુર મનોહર માતા ગાતાં ગીત,
પ્રણય રસ છલકાતો ઉરમાં સ્નેહ તણી એ રીતઃ
મધુર સ્વરે હાલરૂં ગાવે, માતા ત્રીસલાજી ઝુલાવે. હાલો૦

રત્ન જડેલું પારણું ને મોરલાયે ટૌકે મોર,
પુતળીયો વિચવિચ જ ટાંકી માહી કોયલનાં જોડઃ
શુક સારસ ને મેના ચિત્રો શુભ દિપતા તેના. હાલો૦

નંગ અનોપમ મોંઘાં મુલાં પારણીએ શ્રીકાર,
રેશમી ગાદી ઝુલ જરીની શોભી રહી શ્રીકાર;
રેશમ દોરી પારણે સારી, ચમકે ઘુઘરાયો ભારી. હાલો૦

છપન દિગ્ કુંવરીઓ આવે, પ્રભુ ઝુલાવણ કાજ,
પ્રભુની આગળ નાચતી તેઓ, હાથમાં બંસી સાજ;
ધાધા તિરકીટ મરદંગ બોલે, બંસી સુની દિલડું ડોલે. હાલો૦

ઈંદ્રાણી આવે પ્રભુ ઝુલાવે, હૈયામાં હેત અપાર.
પ્રભુભક્તિ જેના દિલ વસી છે, આનંદ ઉર મોઝારઃ
વારે વારે મુખડું જોતી, પ્રભુ ગુણગાનને ગાતી. હાલો૦

ભડવીર થાજે ભાઇ તું મારા, રાખજે હૈયે હામ,
શત્રું કંપે થરથર જેનાથી, એહી ક્ષત્રીના કામ;
ત્રીભુવને કીર્તિ ગવાશે માતા સુણી રાજી થાશે. હાલો૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાતા બનજે કર પહોળા કરી દેજે દીનને દાન,
દુઃખીયાના દુઃખ ભાગવા ભાઈ હૈયામાં રાખજે હામ;
ત્યારે મારૂં દિલ હરખાશે અનેરો આનંદ થાશે. હાલો૦

સાધુસંતના જેવો ભાઈ ધરજે દિલ વૈરાગ,
સ્વારર્થીઓ સંસાર છે વીરા બહુ ન ધરવો રાગ;
જગનારૂ જિનજી ગાજે અંત ટાણે બેલી એ થાશે. હાલો૦

બાર વરસનો થઈશ તું વીરા નિશાળે ભણવા કાજ,
સુંદર પોથી ને સ્લેટ અપાવીશ વિદ્યા છે તારણ ઝાઝ;
સવાલોના જવાબ દેવાશે પંડ્યો સુણી રાજી થાશે. હાલો૦

મોટેરાની આજ્ઞા પાળી ધરજે દિલ વિવેક,
અશરણનો જે શર્ણ છે વીરા ધરજે ધર્મનો ટેક;
ગુણીના ગાન તું ગાજે ગુણી બની જગ પૂજાજે. હાલો૦

મોટો થઈશ તું જ્યારે વીરા નંદિવરધન વીર,
પરણાવશે તુજ કન્યા રૂડી ગુણીયલ ને ગંભીર;
વહુવરોના મુખ જોવાશે ત્યારે માતા રાજી થાશે. હાલો૦

બહુવિધ માતા વિચાર કરતાં ગાતાં રૂડું ગાન,
વત્સલ દિલે છલોછલ ભર્યો છે એહ માતાની રીત;
હાલરડું હેતથી ગાવે માતા ત્રીશલાજી ઝુલાવે. હાલો૦

બે હજાર ને માસ અશાડે પુનમ ને બુધવાર,
પારણીયું પુરૂં કરીને ગાયું કોરલ ગામ મોઝાર;
ગુલાબચંદ હાલડું ગાવે ચંદુભાઇ પેટી બજાવે. હાલો૦

—ગુલાબચંદ જલુભાઇ રારોદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## સૂચિપત્ર

## વાંચવા તેમજ વિચારવા યોગ્ય સરલ પુસ્તકો

| | |
|---|---|
| બાલેન્દુકાવ્યકૌમુદી | ૨-૦-૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય-જિનમાર્ગદર્શન | ૧-૮-૦ |
| શ્રી આનંદઘનજીનાં પદો (વિવેચન સહિત) | ૭-૮-૦ |
| આદિનાથ ચરિત્ર | ૧-૮-૦ |
| આચારપ્રદીપ | ૦-૧૨-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| ઉપમીતિ પીઠબંધ ભાષાંતર | ૦-૧૨-૦ |
| ગુણસ્થાનકમારોહ | ૦-૧૨-૦ |
| જૈનકથા રત્નકોશ ભાગ છઠ્ઠો | ૩-૦-૦ |
| ઉપમીતિ ભવપ્રપંચા કથા ભાષાંતર ભાગ ૧ લો | ૫-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૫-૦-૦ |
| ,, ભાગ ૪ થો (સિદ્ધર્ષિ) | ૫-૦-૦ |
| ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ | ૬-૦-૦ |
| ,, પર્વ ૩-૪ | ૫-૦-૦ |
| જૈન રામાયણ પર્વ ૭ | ૪-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો | ૩-૮-૦ |
| ,, ભાગ ૩ જો | ૩-૦-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૨-૦-૦ |
| વીસસ્થાનક તપવિધિ | ૨-૮-૦ |
| ધન્ના શાલિભદ્રનો રાસ | ૦-૧૨-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| સ્નાત્રકળશાદિ સંગ્રહ | ૨-૮-૦ |
| હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| નયપ્રદીપ | ૧-૦-૦ |
| લલિત વિસ્તરા | ૯-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૮ | ૧-૧-૦ |
| ,, ભાગ ૯ | ૧-૮-૦ |
| પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| દાનધર્મ પંચાચાર | ૧-૦-૦ |
| જ્ઞાનસાર (વિવેચન સહિત) | ૨-૦-૦ |
| પાઇય ભાષા અને સાહિત્ય | ૬-૦-૦ |
| તાત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| જૈનદૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| અષ્ટક પ્રકરણ | ૦-૧૪-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| કચ્છ-ગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| દેવવિનોદ | ૧-૦-૦ |
| દંડક તથા લઘુસંગ્રહણી | ૧-૦-૦ |
| નવસ્મરણ | ૦-૧૨-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ તેમજ ભાવાર્થ સહિત) | ૧-૮-૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

| | |
|---|---|
| સિદ્ધાંતમુક્તાવલી | ૧-૦-૦ |
| માનવ જીવનનું પાથેય | ૦-૮-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| યુગાદિ દેશના | ૦-૧૨-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| પરમાત્મ-જ્યોતિ | ૦-૨-૦ |
| પાર્શ્વનાથના વિવાહલો | ૦-૪-૦ |
| વૃદ્ધિચંદ્રજી જીવનચરિત્ર | ૦-૪-૦ |
| વીરવિજયજી જીવનચરિત્ર | ૦-૪-૦ |
| સાધુમર્યાદાપટ્ટક | ૦-૪-૦ |
| સુજશવેલી રાસ | ૦-૪-૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૨-૦ |
| સિંદૂર પ્રકરણ | ૦-૪-૦ |
| સંવેગમાળા | ૦-૪-૦ |
| હિતશિક્ષા (નાની) | ૦-૪-૦ |
| બાર વ્રતની પૂજા-અર્થ સાથે | ૦-૫-૦ |
| પ્રાતઃસ્મરણ અને સ્નાત્રપૂજા | ૦-૮-૦ |
| પંચસંયત પ્રકરણ | ૦-૪-૦ |
| પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા -અર્થ સાથે | ૦-૫-૦ |
| બાર ભાવનાની સજ્ઝાય | ૦-૪-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| અક્ષયનિધિ તપવિધિ | ૦-૩-૦ |
| સોહા ને સરલ પ્રશ્નોત્તર (સ્વ. કુંવરજીભાઈ) ભાગ ૨ | ૦-૪-૦ |
| ,, ભાગ ૩ | ૦-૫-૦ |
| ,, ભાગ ૪ | ૦-૫-૦ |
| વ્યવહારકૌશલ્ય ભાગ ૨ | ૦-૪-૦ |
| શારદાપૂજન વિધિ | ૦-૧-૬ |
| અધ્યાત્મબારાખડી | ૦-૩-૦ |
| અર્હન્નામસમુચ્ચય | ૦-૩-૦ |
| આદીશ્વરની વિનતિ | ૦-૩-૦ |
| ઉપદેશસપ્તતિકા | ૦-૪-૦ |
| ગુજરાતી દુહા સંગ્રહ | ૦-૪-૦ |
| ગૌતમસ્વામીનો મોટો રાસ | ૦-૧-૦ |
| ચારે દિશાની તીર્થમાળા | ૦-૪-૦ |
| ચિદાનંદજી ભાગ ૨ જો | ૦-૪-૦ |
| જંબૂદ્વીપસમાસ | ૦-૪-૦ |
| તત્ત્વામૃત ગ્રંથ | ૦-૪-૦ |
| તીર્થંકરનામ... | ૦-૪-૦ |
| ધનપાળપંચાશિકા | ૦-૪-૦ |
| નમસ્કાર મહાત્મ્ય | ૦-૪-૦ |
| પ્રકરણ રત્નસંગ્રહ ભાગ ૨ | ૦-૮-૦ |
| ,, ,, ભાગ ૩ | ૦-૫-૦ |
| પાક્ષિક અતિચાર અર્થ સાથે | ૦-૪-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ |

લખો :— શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બાર વ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સહિતની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આરાધના કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

For Private And Personal Use Only